ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગ્રાન્ટના અભાવે ગાંધીનગર પૂર્વના સાંસદ હસમુખ પટેલના વિકાસ કામોની મંજૂરી રદ થઈ

ગાંધીનગર, તા. ૩૦

સાંસદ દ્વારા તેના વિસ્તારમાં સૂચવાયેલા વિકાસના કામો પ્રાથમિક મંજૂરી અપાઈ ગયા બાદ ગ્રાન્ટના અભાવે રદ કરવામાં આવ્યા છે.

આ કોઈ કાલ્પનિક વાત નથી પણ ગાંધીનગર પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલે ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં રૂ. ૧ કરોડ ૪૩ લાખના ૭૫ થી વધુ કામોને પ્રાથમિક મંજૂરી અપાયા બાદ ગ્રાન્ટના અભાવે રદ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ અને ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાં તેમના દ્વારા સૂચવવામાં આવેલ ૨૦૧૯-૨૦ના ૭૫ થી વધુ કામોને પ્રાથમિક મંજૂરી અપાયા બાદ તાજેતરમાં ગ્રાન્ટના અભાવે રદ કરવામાં આવ્યાની જાણ કરતાં પત્ર સંબંધિત વિભાગોને પાઠવવામાં આવ્યો છે.

૨૦૧૯-૨૦ માં કોરોનાની મહામારીના પગલે સાંસદોને વિસ્તાર વિકાસ માટે અપાતી ગ્રાન્ટમાં કાપ મુકવાનો નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો હતો તેનો પડઘો હવે પડ્યો છે. હસમુખભાઈ પટેલે તાજેતરમાં જ દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓક્સિજન પ્લાન્ટ માટે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવી છે અને તેના અમલીકરણ અધિકારી તરીકે જિલ્લા આરોગ્ય અધિકારીને જવાબદારી પણ સોંપાઈ છે.

# ગાંધીનગર મનપાની ચૂંટણી હમણાં નહિ યોજાય : વાતાવરણ યોગ્ય નથી : રૂપાણી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની મુલ્તવી રહેલી ચૂંટણીઓ હમણાં નહિ યોજાય આ માટે યોગ્ય વાતાવરણ નથી તેવો સ્પષ્ટ સંકેત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે આપ્યો છે.

શહેરમાં સમાવિષ્ટ વાવોલ ખાતે સેવા દિવસની ઉજવણીને લઈ યોજાયેલ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ પત્રકારો સાથેની ઔપચારિક વાચચીતમાં તેમણે આ મુજબ કહ્યુ હતુ.

મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે ચૂંટણી યોજવાનો નિર્ણય ચૂંટણી પંચે લેવાનો છે. ચૂંટણીઓ હમણાં નહિ યોજાય આ માટે યોગ્ય વાતાવરણ નથી.

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ અચોક્કસ સમય સુધી મુલત્વી રાખવાની ચૂંટણી પંચે જાહેરાત કરી હતી. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હવે ઘટ્યુ છે ત્યારે બન્ને મુખ્ય પક્ષોએ આ ચૂંટણીને લઈ ધીમી ગતિએ તેમની રાજકીય પ્રવૃત્તિઓ આરંભી દીધી છે.

આજે મુખ્યમંત્રીની આ વાતને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં પુનઃ ગરમાવો આવી જવા પામ્યો છે.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે મનપાની ચૂંટણી યોજાય તે પૂર્વે તે જંગના ૩ ઉમેદવારો કોરોના સામેનો જંગ હારી ગયા છે. ચૂંટણી પંચ પણ ચૂંટણી યોજવા અંગે પહેલા આરોગ્ય વિભાગ, પોલીસ, જિલ્લા વહીવટીતંત્ર સાથે અલગ-અલગ બેઠકો યોજી સ્થિતિની સમીક્ષા કરશે.

જિલ્લામાં આજે પણ ૯૦૦ થી વધુ એક્ટીવ કેસો સારવાર હેઠળ છે. જે પૈકી શહેરમાં હાલ ૪૫૦ જેટલા કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યાને ધ્યાને રાખી તંત્ર હાલ કોઈ જ સાહસ કરવાના મુડમાં નથી. બીજુ હાલ ચૂંટણી માટે યોગ્ય વાતાવરણ પણ દેખાતુ નથી અત્યારે સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા ઉપરાંત લાદવામાં આવેલા પ્રતિબંધો હઠ્યા પછી કેવી પરિસ્થિતિ ઉભી થાય છે તે ધ્યાને લઈ ચૂંટણી પંચ આગળ વધશે તેમ મનાઈ રહ્યું છે.

જો કે શહેરમાં હમણાં ચૂંટણીઓ યોજવી જોઈએ નહિ તેવુ જાગૃત નાગરિક પરિષદે પણ પત્ર લખીને કહ્યુ છે જે ઉલ્લેખનીય છે.

# શહેરના અંતિમધામ ખાતે એપ્રિલ-મે માસમાં ૧૯૨૦ મૃતકોના અગ્નિસંસ્કાર

## મુકિતધામમાં બે માસમાં ૧૧૯૧ કોરોના મૃતકોની અંતિમવિધી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

કોરોનાની બીજી લ્હેરે પાટનગરમાં કાળોકેર વતાવ્યો છે. શહેરના મુકિતધામ ખાતે માત્ર એપ્રિલ-મે માસમાં ૧૯૨૦ મૃતદેહના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૧૯૧ મૃતકો કોરોના પોઝીટીવના હતા. ત્યારે ગાંધીનગરમાં બે માસના ટુંકાગાળામાં કોરોના ૧૨૦૦ જેટલા નાગરીકોની જીંદગી ભરખી ગયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબકોરોનાની વૈશ્વિક મહામારીએ પાટનગરને પણ બાકાત રાખ્યું ન હતું. કોરોનાએ કોહરામ મચાવી અજગરી ભરડો લેતા શહેરની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલમાં ખાટલા ખુટી પડ્યા હતા. હોસ્પિટલ બહાર એમ્બ્યુલન્સી લાંબી લાઈનો લાગતી હતી. ઓકિસજનની અછત અને બેડ ન મળતા કેટલાક નાગરીકોએ ઘરે તેમજ એમ્બ્યુલન્સમાં પરિવારના સભ્યોની સામે દમ તોડ્યો છે. શહેરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં મૃતકોની સંખ્યાના આંકડા ઉંચા ગયા હતા. જેથી એક સમય એવો હતો કે સ્મશાનમાં પણ મૃતદેહોની લાંબી લાઈનો લાગી હતી અને વેઈટીંગ ચાલી રહ્યા હતા. મુકિતધામ રાત દિવસ કાર્યરત રહેતા ગેસની સગડીની લોખંડની ઈંગલો પણ ઓગળી જતા બંધ કરવાની ફરજ પડી હતી. જયારે મુકિતધામના કર્મચારીઓ પણ રાત-દિવસ જોયા વિના સતત કામગીરી કરતા હતા. ત્યારે શહેરના સેકટર-૩૦ સ્થિત મુકિતધામ ખાતે એપ્રિલ અને મે મહિનામાં કુલ-૧૯૨૦ મૃતદેહના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા છે. જેમાં કોરોનાને પગલે દમ તોડ્યો હોય તેવા ૧૧૯૧ મૃતકોની અંતિમવિધી પણ મુકિતધામ ખાતે કરવામાં આવી હતી.

# કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા ઉનાવા પ્રા.આ. કેન્દ્રના વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના ઉનાવા પ્રા.આ. કેન્દ્રને નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટ માટે કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે ગઈકાલે ૬ કલાકથી પણ વધુ સમય સુધી વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન કર્યુ હતુ.

કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે ૬ જેટલી સેવાઓને લઈ આ વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શનની કામગીરી કરી હતી. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકેની ઓળખ ઉભી કરનાર ઉનાવા પ્રા.આ. કેન્દ્રના કર્મયોગીઓએ ખુબજ ઉત્સાહથી આ તપાસમાં સકારાત્મક અભિગમ સાથે સહયોગ દાખવી અને વિગતો પુરી પાડી હતી.

જિલ્લામાં અગાઉ પુંધરા આરોગ્ય કેન્દ્રને આ પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યુ છે. માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલને ''લક્ષ્ય'' કાર્યક્રમ અંતર્ગત સન્માનિત કરવામાં આવેલ છે.

આ ઈન્સ્પેક્શન અગાઉ તંત્રએ અહિ ગેપ એનાલિસીસ કરી અને તમામ ખુટતી કડીઓને જોડી હતી. વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શનને અંતે કેન્દ્રની ટીમે પણ સંતોષ થયાની લાગણી વ્યક્ત કરી હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં રખડતી નીલગાયનો ત્રાસ : સ્થાનિકો હરિયાળીને ખતરો : માર્ગ સલામતી જોખમમાં

## ઇન્દ્રોડા નેચર પાર્કની દિવાલ તુટતા નીલગાયનો ધોળાકુવામાં અડ્ડો : નવા રોપાઓને નુકશાન

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં નીલગાયનો ત્રાસ વધી ગયો છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર નીલગાય રખડતી જોવા મળે છે. જયારે શહેર ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં પણ નીલગાયનો અડ્ડો છે. વાવાઝોડા દરમિયાન ઈન્દ્રોડા નેચર પાર્કની દિવાલ તુટતા ગામમાં નીલગાયનુ ટોળુ ઘુસી ગયુ છે.

શહેરમાંપણ વન આરક્ષિત વિસ્તાર સહીત મુખ્યમાર્ગો પર નીલગાય રખડતી જોવા મળે છે. જેના લીધે નગરની હરિયાળી તેમજ માર્ગ સલામતી સામે ખતરો મંડરાયો છે.

ગાંધીનગર શહેર તેમજ શહેરી વિસ્તારના ગામોમાં નીલગાયનો ત્રાસ વધી ગયો છે. શહેરના સેકટરોમાં જાહેર માર્ગો પર અનેકવાર નીલગાય અકસ્માતનુ કારણ બને છે જયારે વન આરક્ષિત વિસ્તારમાં પણ નીલગાયનો અડ્ડો છે. ગમે ત્યારે માર્ગ વચાળે દોડતી નીલગાયના લીધે અનેકવાર માર્ગ સલામતી પણ જોખમાઈ છે. બીજીતરફ વાવાઝોડા દરમિયાન ઈન્દ્રોડા નેચરલ પાર્કની દિવાલ પડી જતા ગામમાં નીલગાયએ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે ગામમાં નવા રોપાઓ પણ વેરણછેરણ બની ગયા છે. રાત્રિના સમયે ધોળાકુવા ગામમાં નીલગાયનુ ધાડુ આવે છે.



શહેરના સેકટરોમાં પણ છેલ્લા કેટલાક સમયથી નીલગાય વધુ રખડતી જોવા મળી રહી છે. જેના લીધે સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ નીલગાય ઘુસી જાય છે. જેથી સ્થાનિકોને હાલાકી વેઠવી પડે છે. નીલગાયના લીધે શહેરના માર્ગો પર અનેકવાર નાના મોટા અકસ્માત થાય છે. સેકટરોના આંતરિક વિસ્તારો અને મુખ્યમાર્ગો પર નીલગાયનો આતંક વધતો જાય છે. અગાઉ વન વિભાગ દ્વારા નીલગાયને પકડવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ ટુંકા ગાળામાં જ આ કામગીરી બંધ કરી દેવામાં આવી હતી જયારે હાલમાં શહેરના સેકટરો સહીત શહેરી વિસ્તારના ગામોમાં નીલગાયનો આતંક વધી ગયો છે. રખડતી નીલગાયના લીધે હરિયાળીને પણ નુકશાન થઈ રહ્યુ છે. જયારે માર્ગ સલામતી પણ જોખમાઈ છે.



ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સેવા દિવસ નિમિત્તે આજે ઉકાળા વિતરણ, માસ્ક, સેનીટાઈઝરના વિતરણ ઉપરાંત ઓક્સિજન સિલિન્ડરની ભેટ, રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ તેમજ મનકી બાત સમુહમાં સાંભળવાના કાર્યક્રમો યોજાયા હતા. માણસામાં જે.એસ. પટેલ પરિવાર દ્વારા ઓક્સિજનની બોટલો ભેટ સ્વરૂપે અપાઈ હતી તો મહુન્દ્રા ખાતે જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલાના હસ્તે વૃક્ષારોપણ અને ચંદ્રાલા ખાતે રક્તદાન શિબિર તેમજ પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના હસ્તે ઉકાળાનું વિતરણ કરાયુ હતુ તે પ્રસંગની તસવીર.

# સે-૫ માં ભાજપના કાર્યકર્તાઓએ માસ્ક બિસ્કીટનુ વિતરણ કર્યુ

મોદી સરકારના સફળ સાત વર્ષ પુર્ણ થતા ભાજપના કાર્યકર્તાઓ દ્વારા સે-૫ ખાતે આજે માસ્ક , બિસ્કીટ તેમજ આર્યુવેદિક ઉકાળાનુ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહીલા મોરચાના મહામંત્રી વર્ષાબેન શુકલ, છાયા ત્રિવેદી, પ્રિયા પટેલ, અલ્પેશ પ્રજાપતિ, ધર્મેન્દ્રભાઈ પ્રજાપતિ શિવમ રાવલ, હાર્દિક બારોટ, કાવ્યા ત્રિવેદી સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. જયારે સેકટરમાં માસ્ક તેમજ બિસ્કીટના વિતરણ બાદ સૌ પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓએ ભેગા થઈને મોદીજીના મન કી બાત કાર્યક્રમનો લાભ લીધો હતો.

# જિલ્લામાં ૭૦ દિવસ બાદ કેસ ૩૦થી નીચે નોંધાયા

## દહેગામ-કલોલમાં ૧-૧, ગાંધીનગરમાં ૨ અને માણસામાં ૫ કેસ નોંધાયા : સરગાસણમાં ૪, સે. ૨, ૧૨, ૨૭ માંથી ૨-૨ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૭૦ દિવસ બાદ કોરોનાના કેસોની સંખ્યા ૩૦ થી પણ નીચે નોંધાઈ છે. જિલ્લામાં આજે કોરોનાના ૨૪ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૯ અને શહેરમાં ૧૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર ૯ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ-કલોલમાં ૧-૧, ગાંધીનગરમાં ૨ અને માણસામાં ૫ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં ૨૦ મહિલા દર્દી છે. ૮ વર્ષની નાની દિકરી પણ સંક્રમિત થયેલી મળી આવી છે.

દહેગામમાં કેશરીજીની મુવાડી ખાતેથી, કલોલના બોરીસણામાંથી ૮ વર્ષની દિકરી સંક્રમિત થયેલ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ચંદ્રાલા અને કરોલી ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં ચરાડા ગામેથી બે કેસ તેમજ આજોલ, પરબતપુરા, લોદરા ખાતેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ૯૨૫૬ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૪૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૪૭૨૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૫ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ મહિલા દર્દીઓ છે. પાંચ દર્દી ૬૦ થી વધુ વય ધરાવે છે. તો આજે પાંચ વર્ષની દિકરી સરગાસણમાંથી સંક્રમિત થયેલ મળેલ છે.


શહેરમાં આજે સરગાસણમાંથી ૪, સે. ૨, ૧૨, ૨૭ માંથી ૨-૨ કેસ તેમજ ઈન્ફોસીટી, પેથાપુર, રાંદેસણ, રાંધેજા અને સે. ૧૪ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૪૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં વેક્સિનેશન અભિયાનને વધુ વેગીલુ બનાવવામાં આવ્યુ છે. છેલ્લા એક સપ્તાહમાં જ ૧૬ હજારથી વધુ ૧૮+ ના યુવાનોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

# શહેરના યુવક સાથે રૂ.૪.૫૦ લાખની ઠગાઈ કરનાર ટોળકી ઝડપાઈ

## આરોપીઓ પાસેથી રૂ.૨હજારની નોટ બનાવી શકાય તે સાઈઝના કાગળના નંગ-૨૯ બંડલ મળી આવ્યા, પોલીસે કાર, મોબાઈલ, કેમીકલની બોટલ સહિત રોકડા મળી કુલ રૂ.૭.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં જમીન વેચાણ લે-વેચનો વેપાર કરતા જમીન દલાલને રૂ.૪.૫૦ લાખનો ચુનો ચોપડીને છુમંતર થઈ જનાર ગેંગને એસટી ડેપોની પાછળના ભાગે થી એલસીબી-૨ પોલીસે દબોચી લીધી છે. આરોપીઓ પાસેથી પોલીસને રૂ.૨૦૦૦ ની નોટ છાપી શકાય તેવા કોરા કાગળના ૨૯ બંડલ, મોબાઈલ ફોન, કાર અને રોકડ રૂ.૪.૫૦ લાખ મળી કુલ રૂ.૭.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાયેલા રૂ.૪.૫૦ લાખની છેતરપિંડીના ગુનામાં એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો તે દિશામાં કાર્યરત થઈ ગઈ હતી. તે સમયે હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે કેટલાક વ્યકિતઓ એસટી ડેપોની પાછળના ભાગે ખાણી-પીણી વિસ્તારમાં નકલી નોટ છાપવાના સાહિત્ય સાથે કોઈ મોટા ગુનાને અંજામ આપવા એકઠા થયા છે. જયારે આ શખ્સો જી.જે.૦૬.કે.એચ.-૨૭૬૯ નંબરની ડસ્ટન ગો ગાડી લઈને ફરી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડીને ૪ શખ્સોને દબોચી લીધા હતા. જયારે આ ટોળકી પાસેથી રૂ.૨ હજારની ડુપ્લીકેટ નોટ બનાવવા માટે કોરા કાગળના બંડલ નંગ-૨૯ તેમજ પીળા રંગનું પ્રવાહી મળી આવ્યું છે. ખાનભાઈ નામના શખ્સ સાથે મળીને બે હજારની નકલી નોટ તૈયાર કરવાની ફીરાકમાં હતા.

### પકડાયેલા આરોપીઓ

- મોહમ્મદસફી અબ્દુલ કરીમ વોહરા રહે-૩ આનંદ સોસાયટી, ભાલેજ રોડ આણંદ
- ફિરોજભાઈ યુસુફભાઈ વોહરારહે-૩ સીટીઝન સોસાયટી, રોયલ પ્લાઝા પાસે, આણંદ
- વિનાયક યોગેશ નિકમ રહે, શાહીબાગ સોસાયટી, વારસીયા રીંગરોડ વડોદરા
- ચિરાગ ઉર્ફે પીન્ટુ રવિન્દ્રભાઈ દેસલે રહે-૪૨ આશાપુરી સોસાયટી, આજવા રોડ વડોદરા

### - વોન્ટેડ આરોપી

- ખાનભાઈ નામની વ્યકિત

### પોલીસે કબ્જે કરેલ મુદ્દામાલ

- ફોર વ્હીલ ગાડી-૧, રોકડા રૂ.૪.૫૨,૩૦૦, મોબાઈલ નંગ-૬, તેમજ બનાવટી નકલી નોટ તૈયાર થાય તેવા કોરા કાગળના બંડલ નંગ-૨૯, અને કેમીલકની બોટલ નંગ-૧ મળી કુલ રૂ.૭,૯૨,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

### કોરા કાગળના બંડલોથી નકલી નોટ બનાવવાના હતા

ભારતીય ચલણની રૂ.૨,૦૦૦ ની નોટની સાઈઝના એક સરખા કટીંગ કરેલા કાગળના બંડલનો ઉપયોગ તેઓ નકલી નોટ બનાવવા માટે ખાનભાઈ નામના શખ્સ મારફતે બનાવટી ચલણી નોટ બનાવી બજારમાં ઉપયોગ કરવાના હતા.

એલસીબી-૨ પોલીસને કારમાંથી રોકડા રૂ.૪.૫૦ લાખ મળી આવ્યા છે, તે રૂપીયા પણ સાચા છે કે ખોટા તે માટે તપાસમાં મોકલી આપ્યા છે. જયારે ફરીયાદી દક્ષેશ પટેલ પાસેથી એકના ડબલ કરવાની લાલચ લીધા હોવાનું આરોપીઓએ જણાવ્યું હતું. પોલીસે રોકડા રૂ.૪.૫૦ લાખ, ૬ મોબાઈલ, કાર, નકલી નોટ તૈયાર કરવાની સામગ્રી સહિત કુલ રૂ.૭.૯૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોદી સરકારના સફળ ૭ વર્ષ નિમિત્તે મુખ્યમંત્રી દ્વારા ફળ, દવા અને અનાજનુ વિતરણ હતું

ગાંધીનગર તા ૩૦

મોદી સરકારના સફળ ૭ વર્ષ પુર્ણ થતા ભાજપ ગાંધીનગર મહાનગર દ્વારા વાવોલ ખાતે જરૂરિયાતમંદાને ફળ , દવા અને અનાજની કીટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. મુખ્યમંત્રી વિજય રૂપાણીની હસ્તે જરૂરિયાતમંદોને જરૂરી ચીજવસ્તુઓ પુરી પાડવામાં આવી હતી. સેવા હી સંગઠનના અભિગમ સાથે મહાનગરના પ્રત્યેક વોર્ડમાં ફ્રુટ, માસ્ક, સેનેટાઈઝર, સ્ટેશનરી કીટનુ વિતરણ કરાયુ હતુ. આ ઉપરાંત કાર્યકર્તાઓ દ્વારા સફાઈ તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનને સાત વર્ષ પુર્ણ થતા ગાંધીનગર મહાનગર ભાજપના વોર્ડ નં -૭ વાવોલમાં સ્થિત મહાકાળી મંદિર ખાતે કાર્યકર્તાઓએ વડાપ્રધાન મોદીના મન કી બાત કાર્યક્રમમાં વાવાઝોડા તેમજ કોરનાના કપરા કાળમાં અગત્યના મુદ્દા પર સીધી વાતથી માર્ગદર્શન મેળવ્યુ હતુ. ભાજપના મિડીયા કન્વીનર કલ્પ પટેલે આ અંગે જણાંવ્યા મુજબ ભાજપના પ્રત્યેક કાર્યકર સેવા હી સંગઠનના મંત્ર સાથે લોકસેવામાં પરોવાયેલો છે. મોદી સરકારના સાત વર્ષ પુર્ણ થયા છે ત્યારે આજરોજ વાવોલમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે જરૂરિયાતમંદોને ફળ , દવા, અને અનાજની કીટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# જાણીતા બિલ્ડર શિવાલય ગૃપના એસ. આર. પટેલનુ નિધન

ગાંધીનગર તા ૩૦

કોરોના કાળમાં ગાંધીનગરના જાહેરજીવન સાથે સંકળાયેલા અનેક આગેવાનો કોરોના સામેનો જંગ હારી ગયા છે. જયારે તેમના અવસાનથી શહેરીજનોમાં પણ આઘાતની લાગણી વ્યાપી છે. કોરોનાના લીધે ગાંધીનગરના અગ્રણી અને શિવાલય



ગૃપના નામાંકિત બિલ્ડર એસ આર પટેલનુ નિધન થયુ છે. છેલ્લા ૧૫ દિવસથી તેઓ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. જયારે આજે તેમનુ અવસાન થતા શહેરના અગ્રણીઓ તેમજ બિલ્ડર લોબીએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. તેમણે જીવનકાળ દરમિયાન આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે આર્થિક યોગદાન આપી અનેક જરૂરિયાતમંદોને ઉમદા સેવા પુરી પાડી અનોખી લોકચાહના મેળવી હતી.

ગાંધીનગરના જાણીતા અગ્રણી અને શિવાલય ગૃપના અમિતભાઈ પટેલના પિતા એસ આર પટેલનુ કોરોનાના લીધે દુખદ અવસાન થયુ છે. છેલ્લા ૧૫ દિવસથી કોરોનાની સારવાર લેતા એસ આર પટેલનુ આજે નિધન થતા બિલ્ડર લોબીમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે. મુળ માણસા રાજપુર ગામના વતની એસ આર પટેલ સેવાકીય ક્ષેત્રે પણ આગવુ યોગદાન આપ્યુ હતુ. હરહંમેશ જરૂરિયાતમંદોને આર્થિક સહયોગ પુરો પાડતા સ્વ એસ આર પટેલના નિધનથી શહેર સહીત માણસા વિસ્તારમાં પણ સ્થાનિકોએ શોક સાથે દુખની લાગણી વ્યાપી છે. આરોગ્ય અને શિક્ષણના મામલે નજરે પડતા જરૂરિયાત મંદોને તેમણે અત્યાર સુધી દાન પણ આપ્યુ છે. ઉદાર અને કર્મશીલ એસ આર પટેલના નિધનથી શહેરના અગ્રણીઓએ પણ દુખની લાગણી વ્યકત કરી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે. તેમના વતન માણસાના રાજપુરના વતનીઓ પણ તેમના ઉદારતાને કાયમ યાદ કરશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com